GJPM040038502022

# હાલોલના એડીશ્નલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં.
# આંક–પ ની વચગાળાની અરજી તળેનો હુકમ..

====================================

**રે. દી. કેસ નંબર: ૧૪૨/૨૦૨૨**

(૧) વાદી ધ્વારા અત્રેની અદાલતમાં દાવો કરવામાં આવેલ છે અને તે દાવાના સમર્થનમાં આંક–પ હેઠળ કામચલાઉ મનાઈ હુકમની દાદ માંગેલ છે, જે અન્વયે દાવાની હકીકત ધ્યાને લેતાં, વાદીએ પોતાની દાવાઅરજીમાં જણાવેલ છે કે, મોજે નાની રણભેટ, તા. હાલોલની સીમના રે.સ.નં. ૨૭, હે.આર.એ.ચો.મી. ૧–૬૨– ૮૯ આકાર રૂા. ૦૪–૬૯ પૈસાવાળી જમીન, કે જેને હવે પછી દાવાવાળી જમીન તરીકે ઉલ્લેખ કરેલ છે, તે જમીન મુળ ઠાકોર સાહેબ શ્રી વિજયસિંહ છત્રસિંહની આવેલ હતી. પરંતુ તે જમીન વાદીઓના પિતા વેચાતભાઈ રતનસિંહના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ હોય અને તેઓ લાંબા સમયથી ૧૯૬૮ પહેલાથી આ જમીન ખેડતા આવેલ હોય અને મુંબઈ તાલુકાદારી કાયદાની કલમ– ૩,૪ અને ૬ ને નામદાર સુપ્રીમ કોર્ટે ગેરબંધારણીય ઠરાવતા સંરક્ષિત અને સામાન્ય ગણોતીયા તથા કાયમી ગણોતીયા અંગેની જે નોંધ દાવાવાળી જમીન સંબંધી દાખલ થયેલ હતી તે નોધ નં. ૫૯ થી ૮૫ સુધીની તમામ નોંધોને રદ કરી તે અંગેની નોંધ નં. ૯૨ દાખલ કરવામાં આવેલ અને ત્યાર બાદ તાલુકાદારી મામલતદાર કચેરીના હુકમ નં. ટીટીએ/ ગામ નાની રણભેટ/ ૭/૬૮ નો હુકમ આવવાથી તેવા ખેડુત ખાતેદારોને કાયમી ખેડુત ઠરાવી તેમનુ નામ રેકર્ડ ઉપર સ્વતંત્ર કબજેદાર તરીકે દાખલ કરી લીટી ઉપર કબજેદાર ઠાકોર શ્રી વિજયસિંહનુ નામ કમી કરતી અને વાદીઓના પિતા વેચાતભાઈ રતનસિંહને કાયમી

ખેડુત અને કબજેદાર તરીકે રેવન્યુ રેકર્ડની નોંધ નં.૧૨૯,તા. ૧૮/૧૦/૬૮ થી દાખલ કરવામાં આવેલ અને તે રીતે વાદીઓના પિતા દાવાવાળી જમીનના સ્વતંત્ર કબજેદાર બનેલ અને તેમનુ નામ કાયમી ખેડુત તરીકે રેવન્યુ દફતરે દાખલ થયેલુ. આમ, દાવાવાળી જમીન વાદીઓના પિતાને એકલાને સ્વતંત્ર રીતે મળેલ હતી અને તેમાં પ્રતિવાદીઓ કે અન્ય કોઈનો કોઈ લાગભાગ હકક હિસ્સો પોષાતો ન હતો અને વાદીઓના પિતા એકલા સ્વતંત્ર રીતે આ જમીન માલીકી હકકે ખેડતા આવેલા હતા અને તેઓનુ અવસાન થતાં તેમના કાયદેસરના સીધી લીટીના વારસો તરીકે વાદીઓ દાવાવાળી પુરેપુરી જમીન ખેડતા આવેલા છે તેમજ સદર જમીનની ઉત્તર દિશાએ કેટલાક મકાનો બનાવેલ છે અને તેમાં પરીવાર સાથે રહે છે. વાદીઓ વેચાતભાઈ રતનસિંહના કાયદેસરના અને સીધી લીટીના વારસો છે. પરંતુ વારસાઈ કરાવેલ ન હોય તેઓના નામ રેવન્યુ દફતરે દાખલ થયેલ નથી અને તેમના પિતાનુ નામ ચાલે છે. આમ, દાવાવાળી જમીન વાદીઓના પિતા વેચાતભાઈ રતનસિંહને મળેલ હોય અને તેમાં અન્ય કોઈનો હકક હિસ્સો પોષાતો ન હોવા છતાં પ્રતિવાદીઓએ ખોટી રીતે તેમના નામો વારસાઈ હકકે દાખલ કરાવી દીધેલ હોવાનુ નોધ નં.૧૨૯ જોતાં સ્પષ્ટ રીતે જણાય છે. પ્રતિવાદીઓએ દાખલ કરાવેલ ખોટા નામો અંગે રેવન્યુ ઓથોરીટી સમક્ષ પ્રકરણો થયેલા હતા અને તેની સામે વાદી અપીલ પણ દાખલ કરનાર છે. આ કામના પ્રતિવાદીઓ વગ જુથના જોરે દાવાવાળી જમીનો પડાવી લેવા પ્રયત્ન કરી રહેલા હોય વાદીઓને હાલનો દાવો દાખલ કરવાની ફરજ પડેલ છે અને આ દાવો ચાલતા સુધી દાવાવાળી જમીનના પ્રતિવાદીઓ કે તેમના નોકરો, ચાકરો એજન્ટો પ્રવેશ કરે કરાવે નહિ કે ખેતી કામ કરતા વાદીઓને હરકત અંતરાય કરે કરાવે નહી તેવો કામચલાઉ મનાઈહુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૨) સદર દાવાના કામે પ્રતિવાદીઓને સમન્સની વિધીસર બજવણી થતા પ્રતિવાદીઓએ દાવાનો લેખિત જવાબ આંક–૧૩ થી રજુ કરેલ છે. જેમાં રજુઆત કરેલ છે કે, વાદીની દાવા અરજીની હકીકતો ખોટી છે. ખરેખર દાવાવાળી જમીન ફકત વાદીઓના પિતા વેચાતભાઈ રતનસિંહની એકલાની નહિ, પરંતુ પ્રતિવાદીઓની પણ છે. હાલમાં પણ દાવાવાળી જમીનનો કબજો વાદીઓ તેમજ પ્રતિવાદીઓનો સંયુકત રીતે છે તથા રેવન્યુ રેકર્ડમાં એટલે કે, ગામ નમુના નં. ૭/૧૨ માં વાદીઓ તથા પ્રતિવાદીઓનુ સંયુકત નામ ચાલે છે તથા રેવન્યુ ઓથોરીટી સમક્ષ વાદીઓના લાભમાં હુકમો થયેલ ન હોઈ વાદીઓને હાલનો દાવો કરવાની કોઈ જરુરીયાત પડેલ નથી. આમ, વાદીઓનો કોઈ પ્રથમ દર્શનીય કેસ ન હોય તેમજ તેઓને મનાઈહુકમ આપવામાં ન આવે તો નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ કોઈ નુકસાન પણ થાય તેમ ન હોય વાદીઓની દાવા તથા મનાઈ અરજી રદ થવા પાત્ર છે.

(૩) સદર દાવાના કામે વાદીઓ તર્ફે સદર અરજીના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

| | |
|---|---|
| માર્ક–૩/૧ | દાવાવાળી રે.સ.નં. ૨૭ ના ગામ નમુના નં. ૭/૧૨ ના ઉતારાની નકલ |
| માર્ક ૩/૨ | દાવાવાળી રે.સ.નં. ૨૭ ના ગામ નમુના નં. ૭ ના ઉતારાની નકલ |
| માર્ક ૩/૩ | દાવાવાળી રે.સ.નં. ૨૭ ના ગામ નમુના નં. ૧૨ ના ઉતારાની નકલ |
| માર્ક ૩/૪ | ગામ નમુના નં. ૬ અ ના હકક પત્રકની નોધ નં. ૧૨૯ ની નકલ |

જયારે પ્રતિવાદીઓ તરફે લેખિત જવાબના સમર્થનમાં

નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

| | |
|---|---|
| માર્ક–૧૪/૧ | મોજે ગામ નાની રણભેટ તા.હાલોલની સીમના રે.સ.ન. ૨૭ ની ગામ નમુના નં. ૭ ની નકલ |
| માર્ક ૧૪/૨ | મોજે ગામ નાની રણભેટ તા.હાલોલની સીમના રે.સ.ન. ૨૭ ની ગામ નમુના નં. ૧૨ ની નકલ |
| માર્ક ૧૪/૩ | મોજે ગામ નાની રણભેટ તા.હાલોલની સીમના ખાતા નં. ૪૮ ની ગામ નમુના નં.૮/અ ખાતાવહીની નકલ |

(૪) આ અરજીના નિર્ણય અર્થે નીચે મુજબના ન્યાયિક મુદૃા ઉપસ્થિત થાય છે.

:૧: શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?
:૨: શું ન્યાયનું સમતુલાનુ પલ્લુ વાદીની તરફેણમાં છે ?
:૩: શું વાદીને કામચલાઉ મનાઈ હુકમની દાદ ન આપવામાં આવે તો વાદીને નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે ?
:૪: શું હુકમ ?

(૫) ઉપરોકત મુદૃા પરત્વે મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

:૧: નકારમાં
: ૨: નકારમાં
:૩: નકારમાં
:૪: આખરી હુકમ મુજબ.

## –:: નિર્ણય અંગેના કા ર ણો ::–

**મુદૃા નં.૧ થી ૩** :–

(૬) આ ત્રણેય મુદૃા પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોઈ બિનજરુરી પુનરાવર્તન ટાળવાના હેતુથી ત્રણેયની સંયુકત ચર્ચા કરેલ છે.

(૭) સદર દાવાના કામે વાદીઓની રજુઆત છે કે, દાવાવાળી જમીન વાદીઓના

પિતા વેચાતભાઈ રતનસિંહના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ હોય અને તેઓ લાંબા સમયથી ૧૯૬૮ પહેલાથી આ જમીન ખેડતા આવેલ હોય, તેઓનુ નામ કાયમી ખેડુત અને કબજેદાર તરીકે રેવન્યુ રેકર્ડની નોંધ નં.૧૨૯, તા. ૧૮/૧૦/૬૮ થી દાખલ કરવામાં આવેલ અને તે રીતે વાદીઓના પિતા દાવાવાળી જમીનના સ્વતંત્ર કબજેદાર બનેલા અને તેઓ એકલા સ્વતંત્ર રીતે આ જમીન માલીકી હકકે ખેડતા આવેલા હતા અને તેઓનુ અવસાન થતાં તેમના કાયદેસરના સીધી લીટીના વારસો તરીકે વાદીઓ દાવાવાળી પુરેપુરી જમીન ખેડતા આવેલા છે તેમજ સદર જમીનની ઉત્તર દિશાએ કેટલાક મકાનો બનાવેલ છે અને તેમાં પરીવાર સાથે રહે છે. વાદીઓ વેચાતભાઈ રતનસિંહના કાયદેસરના અને સીધી લીટીના વારસો છે. પરંતુ વારસાઈ કરાવેલ ન હોય તેઓના નામ રેવન્યુ દફતરે દાખલ થયેલ નથી અને તેમના પિતાનુ નામ ચાલે છે. આમ, દાવાવાળી જમીન વાદીઓના પિતા વેચાતભાઈ રતનસિંહને મળેલ હોય અને તેમાં અન્ય કોઈનો હકક હિસ્સો પોષાતો ન હોવા છતાં પ્રતિવાદીઓએ ખોટી રીતે તેમના નામો વારસાઈ હકકે નોંધ નં.૧૨૯ થી દાખલ કરાવી દીધેલ છે અને પ્રતિવાદીઓ વગ જુથના જોરે દાવાવાળી જમીનો પડાવી લેવા પ્રયત્ન કરી રહેલા હોય વાદીઓને હાલનો દાવો લાવવાની ફરજ પડેલ છે

(૮) આમ સમગ્ર હકીકત ધ્યાને લેતાં, વાદીઓએ હાલનો દાવો દાખલ કરી દાવો ચાલતા સુધી કામચલાઉ મનાઈ હુકમ મેળવવા અરજ કરેલ છે તે જોતાં વાદીઓએ સૌપ્ર થમ તેઓનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવાનો રહે છે.

(૯) આમ, વાદીઓએ પોતે વેચાતભાઈ રતનસિંહના કાયદેસરના અને સીધી લીટીના વારસો હોવાની હકીકત દાવાઅરજીમાં જણાવેલ છે, પરંતુ તેઓ વેચાતભાઈ રતનસિંહના વારસદારો હોય તેવુ દર્શાવતુ પેઢીનામુ કે અન્ય કોઈ દસ્તાવેજી આધાર પુરાવો રજુ કરેલ નથી. વધુમાં, વાદીઓ તરફે આંક-૩ ના પુરાવા લીસ્ટથી રજુ થયેલ

માર્ક–૩/૧ તથા ૩/૪ વાળા દસ્તાવેજો વંચાણે લેતાં, દાવાવાળી જમીનના ગામ નમૂના નં. ૬–અ હકકપત્રકમાં તા. ૧૮–૧૦–૬૮ ના રોજ પડેલ નોંધ નં. ૧૨૯ આધારે વેચાતભાઈ રતનસિંહનુ નામ કાયમી ખેડૂત તરીકે દાખલ થયેલ હોવાનુ જણાય છે. તથા માર્ક–૩/૨ અને ૩/૩ વંચાણે લેતાં, સને ૨૦૧૭ ની સાલમાં દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં વેચાતભાઈ રતનસિંહ સહિત પ્રતિવાદી નં. ૧ અને ૨ તથા જીનીબેન રતનસીંગ નુ નામ માલીક અને કબજેદાર તરીકે દાખલ થયેલ હોવાનુ જણાય છે, પરંતુ જીનીબેન રતનસીંગને વાદીઓએ આ કામે પક્ષકાર તરીકે જોડેલા નથી. પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ માર્ક–૧૪/૨ થી ૧૪/૩ વાળા દસ્તાવેજો વંચાણે લેતાં પણ, દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં વેચાતભાઈ રતનસિંહ સહિત પ્રતિવાદી નં. ૧ અને ૨ તથા જીનીબેન રતનસીંગ ના નામો માલીક અને કબજેદાર તરીકે ચાલી આવેલ હોવાનુ જણાય છે. વળી, દાવાવાળી રેવન્યુ રેકર્ડમાં ૨૦૧૭ ની સાલમાં આ તમામ લોકોના નામ દાખલ થયેલા છે અને હાલનો દાવો ૨૦૨૨ ની સાલમાં દાખલ કરેલ છે અને આ સમયગાળા દરમિયાન આ ત્રયેણ જણાના નામો માલીક અને કબજેદાર તરીકે દાખલ થયેલ હોવા બાબતે વાદીઓએ હાલનો દાવો દાખલ કર્યો ત્યાર સુધીમાં રેવન્યુ રાહે કોઈ કાર્યવાહી કરેલ હોય તેવી પણ કોઈ હકીકત રેકર્ડ પર નથી. જો કે માર્ક–૩/૪ વાળો દસ્તાવેજ વંચાણે લેતાં, દાવાવાળી જમીનમાં સ્વતંત્ર માલીક અને કબજેદાર તરીકે ફકત વેચાતભાઈ રતનસિંહના નામ દાખલ થયેલ છે, પરંતુ હાલમાં અન્ય વ્યકિતઓના નામો પણ રેવન્યુ રેકર્ડમાં ચાલી આવેલા છે અને આ નામો શેના આધારે દાખલ કરવામાં આવેલા છે તે અંગેનો કોઈ આધાર પુરાવો વાદીઓ કે પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ નથી. જેથી આ હકીકતનો નિર્ણય કરવા માટે પુરાવો લેવાનુ આવશ્યક છે.

(૧૦) વધુમાં દાવાવાળી જમીનનો કબજો વાદીઓ પાસે રહેલો હોય તેવા કોઈ પ્રથમ દર્શનીય આધાર પુરાવા પણ વાદીઓ તરફે રજુ થયેલ નથી. વાદીઓ જો

પોતે દાવાવાળી જમીનનો કબજો ભોગવટો ધરાવતા હોવાનુ કથન કરતા હોય તો, તેઓએ પ્રથમ દર્શનીય પુરાવા આધારે આ હકીકત રેકર્ડ પર લાવવી પડે. આમ, દાવાવાળી જમીનનો કબજો વાદીઓ પાસે રહેલો હોય અને તેઓ ખુતી કરી ઉપજ નીપજ લેતા આવેલા હોય તેવા પ્રથમ દર્શનીય આધાર પુરાવાની ગેરહાજરીમાં વાદીનો કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી અને વાદીઓને માંગ્યા મુજબનો મનાઈહુકમ ન આપવામાં આવે તો પણ નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવુ કોઈ નુકશાન થાય તેમ હોવાથી શકયતા પ્રસ્તુત રેકર્ડ પરથી જણાતી નથી.

(૧૧) આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટનો નીચેનો ચુકાદો ટાંકવાનું જરૂરી જણાય છે:–

In case of judgment of Hon'ble Gujarat High Court **J. M. Patel v. D.B.Patel** reported in 2007 GLR 79, in Para - 15 it is observed that It is not the law that moment the suit is filed, trying to make out some case, by ignoring the material on record injunction must follow. If material is not be considered at the time of deciding injunction application, Courts will be flooded with frivolous litigations. Therefore, the Court is required to examine minutely the merits and circumstances of the case on hand.

(૧૨) ઉપરોકત ચુકાદાને આધારે એવું કહી શકાય કે, કામચલાઉ મનાઈ હુકમ મેળવવા ઈચ્છુક પક્ષકારે વાદગ્રસ્ત મિલકતમાં પોતાનો હક પ્રસ્થાપિત કરતી હકીકતો, સંજોગો તથા પ્રાપ્ય દસ્તાવેજી પુરાવા આધારે પોતાનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવો પડે. કોઈપણ જાતના આધાર પુરાવાના સમર્થન વિનાના માત્ર ઘડમાથા વિનાના આક્ષેપો કરી દેવાથી વાદીઓ મનાઈ હુકમ મેળવવા હકદાર બનતા નથી.

(૧૩) આમ, વાદીઓ દાવાઅરજીમાં જણાવ્યા મુજબ, વાદગ્રસ્ત મિલકતનો કબજો ભોગવટો ધરાવતા હોય તેવી કોઈ હકીકત હાલના તબકકે રેકર્ડ પરથી પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવતી નથી. જેથી, આ કામે હાલના તબકકે વાદીઓનો કોઈ પ્રથમ દર્શનીય કેસ નથી. અને કામચલાઉ મનાઈ હુકમ ન આપવાથી વાદીઓને કોઈપણ પ્રકારનું નુકશાન જાય તેવુ પણ હાલના તબકકે જણાઈ આવતુ ન હોઈ જેથી સગવડ–અગવડની સમતુલા પણ વાદીઓની તરફેણમાં ન હોઈ મુદ્દા નં. ૧, ૨ અને ૩ નો નિર્ણય ''**નકારમાં**'' ઠરાવી મુદ્દા નં. ૪ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**હુકમ**

૧. વાદીઓની આંક–૫ ની અરજી આથી નામંજૂર કરવામાં આવે છે.

૨. ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા : ૦૬–૦૭–૨૦૨૪.
મુ. હાલોલ.

(ચેતના જયંતીલાલ પટેલ)
એડી. સીનીયર સીવીલ જજ, હાલોલ.
Unique Code No. GJO1056.